

## ચિલોડા પ્રાથમિક શાળા ખાતે બાળકોનું મૂલ્યાંકન કરાયુ

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓનું મિશન વિદ્યા-૨૦૧૮ અંતર્ગત ગમન, વાંચન, લેખન અંગેનું મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ મિશન વિદ્યા અંતર્ગત મુલ્યાંકનકાર તરીકે જિજ્ઞાસાબેન વેગડા ડે. કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટર કચેરી, ગાંધીનગરના અધિકારી દ્વારા વિદ્યાર્થીઓનું વાંચન, લેખન, ગણન અંગે વર્ગખંડોમાં જઈ જાતે વિદ્યાર્થી સાથે વાંચન, ભાગાકાર, ગુણાકાર, બાદબાકી, સરવાળા તેમજ અનુલેખન કરાવી મુલ્યાંકન કર્યુ હતુ. જેમાં શિક્ષકો દ્વારા ગણન-વાંચન અંગે જરૂરી સુધારાત્મક તથા કાર્યક્ષમતામાં સુધારો થાય તેવા સુચનો કર્યા હતા. અનિયમિતતા અંગે જાગૃતતા કેળવવા વાલીઓની મીટીંગ યોજવી અનિવાર્યતા દર્શાવી હતી. આ મુલ્યાંકન સમયે એસ.એમ.સી.ના શિક્ષણવિદ નટુભાઈ પટેલ ઉપસ્થિત રહી બાળકોના શિક્ષણ અને નિયમિતતા અંગે ચર્ચા-વિમર્શ કરવામાં આવી હતી.

## વેપારીઓને માઈગ્રેશન માટે તંત્ર દ્વારા છેલ્લી તક

ગાંધીનગર, તા,.૭

રાજયવેરા કમિશનરે વેપારીઓની તથા બાર એસોસિએશનની રજુઆતોને ધ્યાને રાખી જીએસટી કાઉન્સિલે જે વેપારીઓના માઈગ્રેશન કરવાના બાકી રહી ગયા હોય તેવા વેપારીઓ માટે તા.૩૧ ઓગસ્ટ ૨૦૧૮ સુધી વિન્ડો ખુલ્લી રાખવામાં આવી છે. આ વેપારીઓ માટે છેલ્લી તક છે. ત્યારબાદ માઈગ્રેશન થઈ શકશે નહી. માઈગ્રેશન કરવા અંગેની સુચના કોમર્શીયલ ટેક્ષની વેબસાઈટ પર મુકવામાં આવેલી છે. તેની તમામ વેપારીઓ તથા મંડળોએ નોંધ લેવાની રહેશે.

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ત્રણ કલાકના કાર્યક્રમાં ૧૦૫ કરોડનું દાન જાહેર

ગાંધીનગર, તા. ૭

સમગ્ર વિશ્વના કડવા પાટીદારોને એક તાંતણે જોડવાના ભગીરથ કાર્યને સાકાર કરવા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વિશ્વ ઉમિયાધામના નિર્માણના દઢ સંકલ્પ સાથે પાટીદારોના પાટનગર અમદાવાદ, જાસપુર રોડ, વૈષ્ણોદેવી નજીક ૧૦૦ વીઘા જમીનમાં એક હજાર કરોડના સામાજિક પ્રોજેક્ટ સાથે પાટીદારોની એકતા-અખંડીતતા-શ્રદ્ધા-સાહસ, સમર્પણ અને પ્રચંડ પરિશ્રમના પ્રતિક સમુ 'સામાજિક એમ્પાવરમેન્ટ હબ' આકાર લઈ રહ્યું છે. જ્યાં ભારત ભરના તથા વિશ્વમાં વસેલા લાખો પાટીદાર પરિવારોની આસ્થાનું કેન્દ્ર મા ઉમિયાના ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણની સાથોસાથ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સ્તરે સમાજના સર્વાંગી વિકાસના ઉમદા હેતુ સાથે વિવિધ સમાજ ઉપયોગી અત્યાધુનિક નિર્માણ થશે.

ઉપરોક્ત પ્રવૃત્તિઓને વેગવંતી તથા ઝડપી બનાવવા માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા તા. ૫-૮-૧૮ને રવિવાર, બપોરે ૩ કલાકે ઉમિયા કેમ્પસ, સોલા, એસ.જી. હાઈવે, અમદાવાદ મુકામે સંપૂર્ણ કમ્પ્યુટરાઈઝ્ડ મધ્યસ્થ કાર્યાલય તેમજ પંચામૃત યોજનાઓના ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ સ્થાને પ્રહલાદભાઈ એ. પટેલ, પ્રમુખ ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા, મુખ્ય ઉદ્‌ઘાટક નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય, કૌશિકભાઈ પટેલ, મહેસૂલમંત્રી, સૌરભભાઈ પટેલ, ઊર્જામંત્રી, નરોત્તમભાઈ પટેલ, પૂર્વ મંત્રી તથા મુખ્ય મહેમાનો, રાજસ્વી મહેમાનો, આઈ.એ.એસ./આઈ.પી.એસ., અતિથિ વિશેષો, સામાજિક અગ્રણી, ઉદ્યોગપતિ-મહેમાનો તથા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ગૌરવવંતા દાતા,



ટ્રસ્ટીઓ સાથે બે હજારથી પણ વધુ સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સૌ મહાનુભાવોએ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની ઉમિયાધામને દરેક ક્ષેત્રે પ્રગતિ કરી સમાજના ઉત્કર્ષ માટે વિશ્વ લેવલે એક નવી નામના મળે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

નાયબ મુખ્યમંત્રીના હસ્તે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સંપૂર્ણ કમ્પ્યુટરાઈઝ્ડ મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન સાથે પંચામૃત યોજનાઓને સમાજના ઉત્કર્ષ માટે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે ૧૫ કરોડના દાતા બાબુભાઈ જમનાદાસ પટેલ (પૂર્વ સં. સચિવ તેમજ ધારાસભ્ય), ૧૧ કરોડના દાતા મણીભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ (રામ) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ મહેમાનોમાંથી કુલ ૧૦૫ કરોડ રૂપિયાના દાનની જાહેરાત દાતાઓ તરફથી કરવામાં આવેલ હતી. જેમાં જગત જનની મા ઉમિયાની પરમ કૃપાથી નારણભાઈ જી. પટેલ, મંગળભાઈ જી. પટેલ તથા હરગોવનભાઈ જી. પટેલ - ગુ. મો. પટેલ - નદાસા પરિવાર, ગોરેગાંવ મુંબઈ તરફથી રૂપિયા ૫૧ કરોડના દાનની જાહેરાત કરી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના લક્ષ્મી દાતા બન્યા છે. તથા પોપ્યુલર એસ્ટેટ મેનેજમેન્ટ અમદાવાદ ગ્રુપના વિરેન્દ્રભાઈ પટેલ, રમણભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, અમરતભાઈ પટેલ તથા આલાપ સોમાભાઈ પટેલ તરફથી રૂપિયા ૨૫ કરોડના દાનની જાહેરાત કરવામાં આવી હતી. તદુપરાંત અજયભાઈ પટેલ, ચેરમેન જીએસસી બેન્ક, એડીસી બેન્ક, અમદાવાદ રામભાઈ એસ. પટેલ (પલીયડ), પ્રવીણભાઈ એ. પટેલ (પલીયડ), તથા જાબાલ ચંદ્રવદન લશ્કરી તરફથી રૂપીયા ૧-૧ કરોડ તથા પચ્ચીસ લાખના દાતાઓ તેમજ ભૂમિદાન હૂંડી પેટે મોટી રકમના દાનની જાહેરાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ફાઉન્ડેશનના મુખ્ય સંયોજક સી.કે. પટેલ તથા સંયોજક આર.પી. પટેલે સ્વાગત પ્રવચન દરમ્યાન વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ઉદ્‌ભવ અંગે શરૂથી લઈ આજ સુધીની વિગતવાર માહિતી આપેલ તથા સમાજના નાના મોટા તમામ વર્ગને આ ભગીરથ કાર્યમાં જોડાવાની આહવાન કર્યુ હતુ.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સક્રિય દાતાઓ દીપકભાઈ પટેલ (ઓઝોન ગ્રુપ) સાથે રૂપેશભાઈ પટેલ-બાટા કલોલ, અરવિંદભાઈ પટેલ (એમ.એલ.એ.) અને ડૉ. પ્રભુદાસ પટેલની ટીમ અમેરિકાના પ્રવાસે ગયેલ ત્યાં અનેક રાજ્યોમાં ગ્રુપ મીટિંગ કરી દાતાઓ તરફથી ભૂમિદાન હૂંડી પેટે અંદાજિત ૧ લાખ ચોરસ વાર દાનનું કમિટમેંટ કરેલ છે.

## અરવલ્લી જિલ્લા બ્રહ્મ સમાજ દ્વારા કિશોરકુમારના જન્મદિવસની ઉજવણીમાં સંગીત સંધ્યા

મોડાસા, તા. ૭

બોલિવુડના વિશ્વ વિખ્યાત ગાયક એવા કિશોરકુમારના જન્મ દિવસ નિમિત્તે મોડાસા નગરપાલિકા ટાઉન હોલ ખાતે અરવલ્લી જીલ્લા બ્રહ્મસમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બ્રહ્મ સમાજના યુવક-યુવતીઓએ ગીત ગાઈને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમાજના લોકોને સંગીત સંધ્યાનો લાભ મળે અને સમાજના યુવાઓને સંગીત ક્ષેત્રે પ્રોત્સાહન મળે તે માટે સંગીત સંધ્યાનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્મ સમાજ દ્વારા આયોજિત સંગીત સંધ્યામાં મોટી સંખ્યામાં અબાલ, વૃદ્ધ સૌ કોઈ અને સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## મોટી આદરજ ખાતે મહિલા કૃષિ દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા રાજ્ય સરકારના મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મોટી આદરજ ખાતે 'મહિલા કૃષિ દિવસ'ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમનો હેતુ મહિલાઓની કૃષિ અને પશુપાલન ક્ષેત્રમાં રહેલી ભૂમિકાઓને બહાર લાવી વધુમાં વધુ સશક્ત બનાવવાનો છે. ખેતીમાં ખેડ કામથી લઈ પાક કાપણી સુધીના દરેક કામમાં મહિલાઓ જોડાયેલી હોય છે તેમજ દૂધ ઉત્પાદનમાં તો ૯૦ ટકા સુધીની કામગીરી મહિલાઓ દ્વારા થાય છે. આજે દેશના કુલ અનાજ, ફળ, શાકભાજી કે દૂધ ઉત્પાદનોમાં સૌથી મોટો હિસ્સો આ દેશની કૃષિ અને પશુપાલન સાથે સંકળાયેલી મહિલાઓનો છે. આ કેન્દ્ર ગ્રામ્ય મહિલાઓ માટે કૃષિ, પશુપાલન અને ગૃહ ઉદ્યોગ જેવા વિષયોમાં કૌશલ્યવર્ધક તાલીમો આપી સશક્ત બનાવવાની કામગીરી કરી રહ્યું છે તેમ કેન્દ્રના નિષ્ણાંત ભરત હડિયા દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છ દૂધ ઉત્પાદન વિષય પર ડૉ. પ્રભાતસિંહ જાદવ દ્વારા વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના તલાટી મંત્રી તેમજ મહિલા સરપંચ ગૌરીબેન ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા તેમજ મોટી સંખ્યામાં ગામની મહિલાઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## ધનસુરા તાલુકામાં વન મહોત્સવ ઉજવાયો

વન મહોત્સવ-૨૦૧૮ અંતર્ગત ધનસુરા તાલુકાના ૬૯માં વન મહોત્સવની ઉજવણી ઝાંઝરી, મુ. જામઠા, કોટેશ્વર મહાદેવ તથા ગંગામૈયાના મંદિર ખાતે કરાઈ. કાર્યક્રમમાં આગેવાનોએ ઉપસ્થિત રહી તેમને વન અને પર્યાવરણ વિશે લોકોને માહિતગાર કર્યા અને તેમને વન અને પર્યાવરણની સમજ આપી હતી. કાર્યક્રમ મા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, અરવલ્લી જિલ્લા પંચાયત સદસ્ય સચિનભાઈ પટેલ, ધનસુરા તાલુકા પંચાયત ના પ્રમુખ કનુભાઈ પટેલ, અરવલ્લી ભાજપના ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, મામલતદાર કે.એમ. પટેલ, એન.એન. ચૌધરી, રેન્જ ફોરેસ્ટ ઓફિસર વિસ્તરણ રેન્જ ધનસુરા, ધનસુરા, ધનસુરા તાલુકા વિકાસ અધિકારી જી.સી. પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિલોડા ખાતે સિનિયર સિટીઝન્સની બેઠક મળી

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત નીલકંઠ મહાદેવના હોલમાં મહિલા અગ્રણી સુધાબેન પટેલના અધ્યક્ષસ્થાને તેમજ અતિથિવિશેષ કમળાબેન પટેલના સાનિધ્યમાં ગામના રહેતા સીનીયર સિટિજનોની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગામમાં રહેતા ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા વરિષ્ઠ નાગરિકો માટે વિશિષ્ટ કલ્યાણકારી પ્રવૃત્તિઓ, સામાજિક જીવન, આધ્યાત્મક સમાજોપયોગી કાર્ય થકી જીવન-ઉત્કર્ષની ભાવના તેમજ મહિલા સશક્તિકરણ અંતર્ગત મહિલા સુરક્ષા, બેટી બચાવો-બેટી પઢાવો, મહિલા સ્વાવલંબન, મહિલા નેતૃત્વ, આરોગ્ય-શિક્ષણ સ્વચ્છતા જાગૃતિ, મહિલા કર્મયોગી સહિત શ્રવણ તીર્થદર્શન યાત્રા, સત્સંગીજીવન, ધાર્મિક પ્રવાસો વગેરે વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં જનક મહિલા ભજન મંડળ, કૃષ્ણ મહિલા ભજનમંડળ, ગામના અગ્રણી રામજીભાઈ પટેલ, હીરાભાઈ પટેલ, અમરતભાઈ પટેલ, રમણભાઈ પટેલ સહિત પી.એલ.વી. નટુભાઈ પટેલ વગેરે મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં સભ્યપદ મેળવવા માટે નિયત સભ્યદીઠ ૧૦ રૂ. ફી તેમજ આધારકાર્ડની નકલ સાથે નોંધણી કરવામાં આવી હતી.

# રાજસ્થાન રાજ્યના ગંગાનગરથી શહેરા ગૌ-ધન ટ્રકમાં લઈ જવાતું હતું

ભિલોડા,તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા ગામ







પાસેથી કતલખાને લઈ જવાતું ગૌ-વંશ વહેલી સવારે પોલીસ ધ્વારા ઝડપાયું હતું.ગાયો-૯ અને વાછરડું-૧ કિંમત રૂા. ૨,૭૫,૦૦૦/- અને આઈશર ટ્રકની કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦/- કુલ મુદામાલ રૂા.૧૨,૭૫,૦૦૦/- નો પોલીસ ધ્વારા ઝડપાયો છે.ગાયો-૯ અને વાછરડું-૧ ઈડર પાંજરાપોળ ખાતે મોકલવાની વ્યવસ્થા પોલીસએ હાથ ધરી હતી.

## મહેસાણા જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી વડનગર ખાતે કરાશે

ભારતના ૭૨માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ ૧૫ ઓગષ્ટ-૨૦૧૮ને બુધવારે સવારે ૯ કલાકે યોજાનાર છે. રાજ્યના ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ વડનગર ખાતે ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાવનાર છે. વડનગર ખાતે તોરણ હોટલની બાજુમાં વિસામો વૃધ્ધાશ્રમની સામે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી થનાર છે. કાર્યક્રમમાં ધ્વજારોહણ, ધ્વજવંદન અને સલામી, માન મંત્રીનું પરેડ નિરીક્ષણ, મંત્રીનું પ્રેરણાદાયી પ્રવચન, ચેક, ઈનામ, પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમો, રાષ્ટ્રગીત અને વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાવાના છે.

## જમીનોનો કબ્જો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાની કામગીરી ઝડપી બનાવવા ઉપરાંત સ્વચ્છતા અભિયાન કેવી રીતે અમલી બને આ વિસ્તારમાં તેના પર પણ તંત્રએ કામગીરી કરવી જોઈએ.

અખાદ્ય ચીજોનો ખુલ્લો વેપાર જે ચાલે છે તેને નાથવા ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમોને સાથે રાખી આવા દબાણો દૂર કરવા માટે તંત્રને જણાવવામાં આવ્યું છે.

૨૦૦૫માં ઓળખી કઢાયેલા લારી-ગલ્લાઓની યાદીમાં જે બાકી રહી ગયા છે તેમના પુનઃ સ્થાપન માટે પણ જે તે તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી ઝડપથી કરવામાં આવે તેવી સૂચનાઓ પણ આપવામાં આવી છે.

પાર્કિંગની સમસ્યા એ પણ દબાણની જ એક નીતિનો ભાગ છે તેથી પાર્કિંગની સમસ્યાના ઉકેલ માટે પણ કામગીરી કરવામાં આવે તે જરૂરી છે જેથી ટ્રાફિકના પ્રશ્નો ઉભા ના થાય તે જોવા કડક તાકીદ કરાઈ છે.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓને લઈ જરૂરી પોલીસ પ્રોટેક્શન સાથે કામગીરી સઘન બનાવવા પણ આ બેઠકમાં જણાવાયુ છે. આ ઉપરાંત જે જાહેર સ્થાનો પર પાર્કિંગની વ્યવસ્થા અને ટ્રાફિકની સમસ્યા ઉભી થતી હોવાની બાબતે ગંભીર નોંધ આજની બેઠકમાં લેવાઈ હતી. કેટલાક સ્થાનો પર મનપા દ્વારા નોટીસ અપાઈ છે તે મુદત પૂર્ણ થયેથી કાર્યવાહી કરવા માટેની વ્યુહરચના તૈયાર કરવાની સૂચના આપવામાં આવી હતી.

## ઉકળતો ચરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને બીજા જૂથને સમિતિઓ આપવામાં આવી હતી. સમિતિઓમાં પણ જે સભ્યોને સ્થાન નહિ મળ્યુ હોય તેવા સભ્યોને અગ્રતા આપી તેમની કદર કરી સમાવવાની ખાતરી અપાઈ હતી. હવે સમિતિઓની પુનઃ રચનામાં તે ફોર્મ્યુલાનો કડકાઈથી અમલ પ્રદેશ સમિતિએ કરવો જોઈએ તેવી માંગ સભ્યો કરી રહ્યા છે.

જિલ્લા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી વખતે પણ આ ફોર્મ્યુલાને યાદ કરવામાં આવી હતી. તેથી હવે નવા સભ્યો અને રહી ગયેલા તાલુકાઓને સ્થાન આપવું જોઈએ તેવી માંગ ઉગ્ર બની રહી છે.

કોંગ્રેસ પક્ષે સમિતિઓની રચનાને મુદ્દે નવમીએ બેઠક બોલાવી છે. પણ જો આમાં ન્યાય નહિ મળે તો સભ્યો નવાજૂની કરવાના મૂડમાં હોવાના સંકેતો પણ મળી રહ્યા છે.

બીજી તરફ ભાજપે પણ કોંગ્રેસની હાલક-ડોલક સ્થિતિ જોઈ અને તેમના સભ્યોને પણ પ્રોરેટા મુજબ મહત્વની સમિતિઓમાં સ્થાન આપવાની માંગણી કરવાનો નિર્ણય કર્યો હોવાની વાતો બહાર આવવા પામી છે. આ માટે સ્થાનિક નેતાગીરીએ પ્રદેશ નેતાગીરીનો પણ સંપર્ક કર્યો હોવાનું જાણવા મળેલ છે.

કોંગ્રેસ પક્ષમાં સમિતિઓની રચનાને મુદ્દે નેતાઓ હાલ કંઈ દરમ્યાનગીરી કરવાના મૂડમાં પણ જણાતા નથી કારણ કે પક્ષના સભ્યોને ન્યાય ના મળે તો પછી નેતાગીરી દરમ્યાનગીરી કરશે તેમ મનાઈ રહ્યું છે. નેતાગીરી પણ હાલ તેલ જુઓ અને તેલની ધાર જુઓની સ્થિતિ અપનાવવાના મૂડમાં છે.

જિલ્લા પંચાયતમાં કોંગ્રેસની હાલત હાલ નાજુક બની છે અને કેટલાક સભ્યો તો મૌન બની ચાલી રહેલી રાજકીય રમતોથી દુઃખ અનુભવી રહ્યા છે. કેટલાક સભ્યોએ તેમના રાજકીય ગુરૂઓનો સંપર્ક સાધી અને સમિતિમાં સ્થાન મેળવવા માટે એડી ચોટીનું જોર લગાવી દીધુ છે.

## કામ હાથ ધરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કરી દેવાયુ છે. જેમાં દહેગામ નરોડા માર્ગ ને ૪ મીટર વાઈડનીંગનુ કામ હાથ ધરાશે. આ માર્ગને ૧૦ મીટરમાંથી ૧૪ મીટર પહોળો કરવામાં આવશે. જયારે રૂટમાં આવતા બે બ્રિજ પણ નવા બનાવાશે. જેમાં ખારી અને નર્મદા કેનાલ પર બ્રિજ બનાવાશે. આ કાર્યયોજનાને અનુલક્ષી હાલ અંદાજો તૈયાર કરવામાં આવી રહયા છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ માર્ગના વાઈડનીંગ બાદ ટ્રાફિકને લગતી સમસ્યા પણ હળવી થશે આ રૂટમાં છેલ્લા ઘણાં સમયથી વાહનોની અવરજવરનુ પ્રમાણ નોંધપાત્ર વધ્યુ છે. ત્યારે સાંકડા માર્ગ પર માર્ગ સલામતીને સ્પર્શતા પણ અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે. જયારે આ સ્થિતિને નિવારવા માટે રસ્તાને પહોળો કરવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે.

## વેપાર કરો કે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, ઈરાન ઉપર લાગૂ કરવામાં આવેલા પ્રતિબંધ સત્તાવારરીતે અમલી કરી દેવામાં આવ્યા છે. હજુ સુધીના સૌથી કઠોર પ્રતિબંધ તરીકે આને ગણવામાં આવે છે. નવેમ્બરમાં આગામી સ્તર સુધી જશે. ઈરાનની સાથે જે દેશ પણ વેપાર કરશે તે અમેરિકા સાથે વેપાર કરી શકશે નહીં. તેઓ દુનિયા માટે શાંતિની માંગ કરી રહ્યા છે. અમેરિકાના પ્રતિબંધથી પેટ્રોલિયમ સંબંધિત લેવડદેવડ રોકાઈ જશે. આ ઉપરાંત વિદેશી નાણાંકીય સંસ્થાઓના ઈરાનના કેન્દ્રીય બેંકોની પાસે સોદા પણ રોકાઈ જશે. જો કે, ટ્રમ્પે કહ્યું છે કે, તે ઈરાનની સાથે વ્યાપક પરમાણુ કરાર પર વિચારણા માટે તૈયાર છે. અમેરિકા આ પ્રયાસમાં એકસમાન વિચારધારા ધરાવનાર દેશોની ભાગીદારીનું સ્વાગત કરે છે. અમેરિકી પ્રતિબંધના પ્રથમ ચરણમાં ઈરાનની અમેરિકી મુદ્રા સુધી નેટવર્ક તથા કાર અને અન્ય ચીજોને ટાર્ગેટ કરવામાં આવી છે. અમેરિકા દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ બ્રિટન, ફ્રાંસ સહિતના દેશોએ દુખ વ્યક્ત કર્યુ છે. અમેરિકાના દંડની દહેશતથી ઘણી કંપનીઓ ઈરાનથી બહાર નિકળી રહી છે.

## લાલઘુમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એનજીઓ એકમાત્ર નથી જ્યાં આ પ્રકારના આરોપ સપાટી ઉપર આવ્યા છે. એનજીઓ દ્વારા પોતાના રિપોર્ટમાં રાજ્ય સરકારના ફંડથી ચાલી રહેલી આવી ૧૫ ,સંસ્થાઓનો ઉલ્લેખ કર્યો છે જે તપાસની જાળમાં છે. સુપ્રીમ કોર્ટે બિહાર શેલ્ટર હોમ કેસમાં અપર્ણા ભટ્ટને એમીકસ ક્યુરી તરીકે નિમીને તપાસ હાથ ધરી છે. એમિકસે કહ્યું હતું કે, પીડિત યુવતીઓની કાઉન્સિલિંગ કરવામાં આવી રહીછે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું હતું કે, આટલી મોટી ઘટનાઓ બની હોવા છતાં અધિકારીઓ દ્વારા મોડેથી તપાસ કરવામાં આવી રહી છે. સ્થિતિ ખુબ જ ગંભીર છે. સુપ્રીમ કોર્ટે મામલામાં તપાસ કરી રહેલા અધિકારીઓ સામે પણ અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બિહારના મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં યુવતિઓ સાથે રેપની ઘટના પર મચી ગયેલા રાજકીય ઘમસાણ વચ્ચે મુખ્યપ્રધાન નીતીશ કુમારે ગઈકાલે સોમવારના દિવસે વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા. નીતીશ કુમારે કહ્યુ હતુ કે આ સમગ્ર ઘટના પર માત્ર રાજનીતિ રમવામાં આવી રહી છે. નીતીશ કુમારે દિલ્હીમાં આરજેડીના નેતૃત્વમાં વિરોધ પક્ષ દ્વારા કરવામાં આવેલા ધરણા પ્રદર્શન ઉપર પણ પ્રહારો કર્યા હતા.નીતીશ કુમારે કહ્યુ હતુ કે આ મામલામાં જે કંઈપણ દોષિત હશે તેમની સામે પગલા લેવામાં આવશે. આ કેસમાં સીબીઆઈ તપાસ કરી રહી છે.

બિહારને લઈને રાજકીય ઘણસાણ વચ્ચે ઉત્તરપ્રદેશમાં પણ આવો જ મામલો સપાટી પર આવી ચુક્યો છે.ઉત્તરપ્રદેશના દેવરિયામાં પણ બિહારના મુઝફ્ફરપુર શેલ્ટર હોમ જેવી ઘટના સપાટી ઉપર આવતા હાહાકાર મચી ગયો છે. અહીં શેલ્ટર હોમથી ફરાર યુવતીઓ દ્વારા જે આરોપો શેલ્ટર હોમ સંચાલકો ઉપર મુક્યા છે તેનાથી ખળભળાટ મચી ગયો છે. દેવરિયાના આ શેલ્ટર હોમથી ૨૪ યુવતીઓને મુક્ત કરાવામાં આવી છે અને આશરે ૧૮ યુવતીઓ હજુ પણ ગાયબ છે. શેલ્ટર હોમને વહીવટીતંત્રએ સીલ કરીને ઉંડી તપાસ હાથ ધરી છે. યુવતીઓએ પોલીસને કહ્યું છે કે, કઈરીતે ગાડીઓથી લોકો શેલ્ટર હોમમાં આવતા હતા અને અહીંથી યુવતીઓને લઈ જતાં હતા. બીજી બાજુ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દેવરિયાના ડીએમને તરત જ દૂર કરીને આ મામલામાં કઠોર કાર્યવાહી માટેના આદેશ જારી કર્યા છે.

## ઈવીએમને...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની તેઓ રાહ જોઈ રહ્યા છે. જો લીલીઝંડી મળી જશે તો ચૂંટણી પંચ મતદાતા યાદીને આધાર સાથે જોડવાની કામગીરી આગળ વધારશે.

તેની સાથે જ ઈવીએમમાં તકનીકી સુધારણા કરીને તેમા આધારને પણ સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. આજ દિન સુધી તકનીકમાં નવી-નવી વસ્તુઓ થતી રહી છે. રાવતે કહ્યુ છે કે આનાથી ફાયદો એ પણ છે કે મતદાતાઓને પોતાની ઓળખ સાબિત કરવાની જરૂરત નહીં રહે. જ્યારે મતદાન થાય છે.

લગભગ ત્રીસ કરોડ મતદાતાઓએ આધારને મતદાતા યાદી સાથે લિંક પણ કરાવી લીધા હતા. પરંતુ બાદમાં એક મામલામાં સુપ્રીમ કોર્ટે આના પર રોક લગાવી દીધી હતી. ત્યારથી આ કામગીરી વિલંબિત છે. ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે કે આધારને મતદાતા યાદી સાથે લિંક કરવા માટેની મંજૂરી આપવામાં આવે. દેશમાં કુલ ૮૭ કરોડ મતદાતા છે. આધાર નંબર લગભગ ૧૨૨ કરોડ છે. દેશની ૯૯ ટકા પુખ્તવયના લોકો પાસે આધાર ઉપલબ્ધ છે. આધારના કાયદા પ્રમાણે જો કોઈની પાસે આધાર નથી. તો તેને કોઈ સેવા લેવા માટે અન્ય વિકલ્પ ઉપલબ્ધ કરાવવામાં આવે. આધાર નહીં હોવાથી કોઈને સેવાથી વંચિત કરવામાં આવશે નહીં. આ વ્યવસ્થા લાગુ થશે. તો પણ આધાર વગરના લોકો ભૂતકાળની વ્યવસ્થા હેઠળ વોટિંગ કરી શકશે.

## કરૂણાનિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમટી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓ અને અન્ય રાજકીય પક્ષોના નેતાઓએ પણ આઘાત વ્યક્ત કરીને દુખની લાગણી વ્યક્ત કરી છે. ચેન્નાઈમાં ડીએમકેના પ્રમુખના અવસાનના સમાચાર બાદ કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને તમિળનાડુની સેવા બંધ કરી દીધી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ તેમના નિધનને લઈને દુખ વ્યક્ત કર્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુખ વ્યક્ત કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દિવસથી હોસ્પિટલમાં દાખલ ડીએમકેના પ્રમુખ કરુણાનિધિની તબિયત હાલમાં એકદમ ગંભીર બની ગઈ હતી. તબીબોની ટીમ તેમની સ્થિતિ પર નજર રાખી રહી હતી પરંતુ આજે તબીબોની ટીમ પણ હિંમત હારી ગઈ હતી અને તેમનું અવસાન થયું હતું. ગઈકાલ રાતથી જ તેમની હાલત ખરાબ ખરાબ થયા બાદથી તેમના સમર્થકો દ્વારા પ્રાર્થના કરવામાં આવી રહી હતી.